# ક્રિયાત્મક સંશોધન

**અર્થ :**

- **શિક્ષકને શિક્ષણ કાર્યમાં ચોકકસ મુશ્કેલીઓ નડી, તે મુશ્કેલીઓના તે સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક ઢબે વિચારીને કામ કરવું તે ક્રિયાત્મક સંશોધન**

**વ્યાખ્યા :**

**ક્રિયાત્મક સંશોધનની વ્યાખ્યા :**

**→ "સામાન્ય શિક્ષક કે સંચાલક પોતાને નડતી સમસ્યાઓને વૈજ્ઞાનિક ઢબે ઉકેલવા પ્રયાસ કરે, પૂર્વગ્રહ કે પક્ષપાત વિના વૈજ્ઞાનિક અને પરલક્ષી દ્રષ્ટિથી સંશોધન હાથ ધરે; અને પોતાના વર્ગ વ્યવહાર સુધારણામાં તેના નિષ્ફ કામે લગાડે તેને ક્રિયાત્મક સંશોધન કહે છે."**

**→ "ક્રિયાત્મક સંશોધન એ શિક્ષણ સુધાર માટેનો એક પ્રયોગ છે."**

**→ "શિક્ષકને વર્ગ અધ્યાપનમાં મૂંઝવતા પ્રશ્નો અંગે મનોવૈજ્ઞાનિક રીતે વિચારવાની અને ઉકેલ બતાવવાની રીત ક્રિયાત્મક સંશોધન બતાવે છે."**

**→ "ક્રિયાત્મક સંશોધન શિક્ષકને વર્ગ અધ્યાપનમાં મૂંઝવતા પ્રશ્નો અંગે મનોવૈજ્ઞાનિક રીતે વિચારવાની અને ઉકેલવાની રીત બતાવે છે."**

- **"પૂર્વગ્રહ કે પક્ષપાત વગર વૈજ્ઞાનીક અને પરલક્ષી દ્રષ્ટિથી જે સંશોધનો પ્રશ્નોના કોયડાઓ ના ઉકેલ માટે થાય તેને ક્રિયાત્મક સંશોધન કહિ શકાય" –ડો. સ્ટીફનકૉરે**
- **"પોતાના કાર્ય ન વણઉકેલ્યા પ્રશ્નોના ઉકેલ મેળવવા અને પોતાના કાર્યને સુધારવા વ્યકિત કે જૂથ પોતાના કાર્યનો પધ્ધતીસર અભ્યાસ કરે તેને ક્રિયાત્મક સંશોધન કહી શકાય" – જાન ફ્રાન્ટેક**
- **ક્રિયાત્મક સંશોધન એ સમસ્યાના વૈજ્ઞાનિક રીતે અભ્યાસની પ્રકિયા છે, જેના દ્વારા વ્યવહારમાં પડેલા શિક્ષક તેના વર્તમાન વ્યવહારની સુધારણા કરવાનો નિર્ણય કરે છે. - સ્ટીફન એમ. કોર**

- **ક્રિયાત્મક સંશોધન વ્યક્તિ પોતાના ઉદ્દેશો વધુ અસરકારક રીતે સિધ્ધ કરે તે માટે શિક્ષક પોતાના અધ્યાપનમાં અને વ્યવહારમાં સુધારણા લાવવા માટે હાથ ધરે એવું સંશોધન છે. – નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બેઝિક એજ્યુકેશન**

**ક્રિયાત્મક સંશોધનના લક્ષણોઃ**

**આપેલ વ્યાખ્યાઓ પરથી ક્રિયાત્મક સંશોધનના લક્ષણો આ પ્રમાણે તારવી શકાય.**

- **ક્રિયાત્મક સંશોધન શાળા કે વર્ગની સમસ્યાઓના તાત્કાલીક ઉકેલ માટે હોય છે.**
- **ક્રિયાત્મક સંશોધન વૈજ્ઞાનિક ઢબે હાથ ધરાય છે.**
- **ક્રિયાત્મક સંશોધન માટેની સમસ્યાનું સ્વરૂપ સાદુ હોય છે.**
- **ક્રિયાત્મક સંશોધન ઉપચારાત્મક કાર્યના ભાગ સ્વરૂપે હાથ ધરાતું વ્યકિતગત સંશોધન છે.**
- **ક્રિયાત્મક સંશોધનમાં અન્ય શિક્ષકો અને આચાર્યના સહકારથી સફળતા પ્રાપ્ત થાય છે.**
- **ક્રિયાત્મક સંશોધનો ભવિષ્યના વિશાળ સંશોધન માટે ઉત્કલ્પનાઓ પુરી પાડે છે.**
- **આમ, ક્રિયાત્મક સંશોધન સમય, શકિત અને નાણાંનીદ્રષ્ટિએ ઓછું ખર્ચાળ હોય છે. અને તે ખાસ નિષ્ણાંતની સલાહ વગર પણ હાથ ધરી શકાય છે.**

**ક્રિયાત્મક સંશોધનનું મહત્વઃ**

- **શિક્ષક પોતાના અધ્યાપનને લગતી કે વિદ્યાર્થીઓના અધ્યનને લગતી કે વિદ્યાર્થીઓનાં વર્તનને લગતી સમસ્યા અંગે પોતે જ નાના પાયા પરનું સંશોધન કરી સમસ્યાઓનો ઉકેલ શોધે છે. આ પ્રકારના સંશોધનનું મહત્વ નીચે મુજબ છે.**

- **વર્ગખંડ અને શાળામાં ઉદભવતી વિવિધ સમસ્યાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરી શકાય છે.**

- **સંશોધનનું સ્વરૂપ વ્યવહારીક અને વાસ્તવીક હોવાથી શિક્ષણની સુધારણામાં નકકર ફાળો આપે છે. અને સંશોધનનું મૂલ્યાંકન પણ થઈ શકે છે.**

- શિક્ષકોની સજજતામાં વધારો થાય છે, તેઓને વર્ગખંડની અને શાળાની રોજીંદા કાર્યને લગતી સમસ્યાઓ ઉકેલવાની સુઝ પ્રાપ્ત થાય છે.

- ક્રિયાત્મક સંશોધન દ્વારા શિક્ષણકાર્ય વધુ અસરકારક અને સફળ બનાવી શકાય છે.

- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાધવા ક્રિયાત્મક સંશોધન નોંધપાત્ર ઉપયોગી છે.

- ક્રિયાત્મક સંશોધન શાળાના સમગ્ર આયોજન અને કાર્યપદ્ધતીમાં સુધારણા લાવવામાં અત્યંત ઉપયોગી છે.

**ક્રિયાત્મક સંશોધનની મર્યાદા :**

- ક્રિયાત્મક સંશોધન એ વ્યવહારુ સંશોધન છે. તેમાંથી સ્થાનિક કક્ષાએ ઉદભવતી સમસ્યાઓ હલ કરી શકાય છે. શિક્ષણની સુધારણા માટે તે અતિ ઉપયોગી સંશોધન છે, આમ, છતાં તેની મર્યાદાઓ પણ છે જે નીચે મુજબ છે.

- ( ૧ ) આવા સંશોધનો મર્યાદિત ગુણવતાવાળા હોય છે.
- ( ૨ ) સામાન્ય શિક્ષકો પાસે સંશોધનો હાથ ધરવાનીસૂઝનો અભાવ હોય છે. તેથી તેઓ ઉદાસીનતા દર્શાવે છે.

- ( ૩ ) આ પ્રકારના સંશોધનો સમસ્યા ઉકેલની પ્રાથમિક તપાસ માટે જ હોય છે.

- ( ૪ ) આ સંશોધનો દ્વારા એક શિક્ષકને મળેલ સમસ્યાના ઉકેલ અન્ય શિક્ષક માટે ઉપયોગી થાય જ તેવું ન બને.

**સોપાનો :**

**૧. સમસ્યા પસંદગી :**

- ક્રિયાત્મક સંશોધન કરવા માટે વાસ્તવમાં સમસ્યા હોવી જોઈએ. સમસ્યા ઊભી કરવાની નથી. સમસ્યા એવી હોવી જોઈએ કે જેનો તત્કાલ ઉકેલ લાવવાથી શિક્ષણ કાર્ય સારું બનાવી શકાય.

**૨. સમસ્યાનું ક્ષેત્ર:**

1. શાળાની રોજબરોજની સમસ્યાઓ.
2. વર્ગખંડમાંઉદભવતી સમસ્યાઓ.
3. પરીક્ષણ કાર્ય સમયે ઉદ્ભવતી સમસ્યાઓ .
4. પ્રવાસ–પર્યટન દરમ્યાન ઉદ્ભવતી સમસ્યાઓ.
5. શૈક્ષણિક સાધન સામગ્રી પ્રાપ્તિ અને વપરાશની સમસ્યાઓ.
6. શાળા સંચાલન–વહીવટ સંબંધિત સમસ્યાઓ.

**૩. સમસ્યાના સંભવિત કારણો:**

- સમસ્યા પરથી સંભવિત કારણો વિચારી શકાય અથવા સંબંધિત વ્યકિતની મુલાકાત કરી માહિતી મેળવી આવા કારણોની યાદી તૈયાર થઈ શકે છે.

**૪. ક્રિયાત્મક ઉત્કલ્પનાની રચના :**

- સમસ્યાના જે કારણો હકીકત છે તેને નિવારવા શિક્ષક ઉપાય વિચારે છે. જે તેને સમસ્યા ઉકેલ તરફ દોરી જાય છે. જો હું આમ કરું તો, આવું બને. તેવી ધારણા કરવામાં આવે છે. જેને ક્રિયાત્મક ઉત્કલ્પના કહે છે.

**૫. પ્રયોગકાર્યની રૂપરેખા અને અમલીકરણ:**

ક્રિયાત્મક ઉત્કલ્પનાને આધારે સમસ્યાના વિવિધ કારણો નિવારવા સંશોધક યોજનાઓ પ્રયોજે છે અને કાર્યક્રમો બનાવે છે તથા તેનો અમલ કરે છે. અમલીકરણમાં મુશ્કેલી પડે તો કાર્યક્રમમાં પરિવર્તન કરી શકાય છે.

**૬. પ્રયોગકાર્યનું મૂલ્યાંકન :**

પ્રયોગકાર્યના અમલીકરણમાં કેટલે અંશે સમસ્યા ઉકેલવામાં સફળતા મળી છે. તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. અહીં પ્રયોગકાર્ય પહેલાની સ્થિતિ અને પછીની સ્થિતિની તુલના કરવામાં આવે છે.

**૭. તારણ, પરિણામ અને અનુકાર્ય:**

- સમગ્ર ક્રિયાત્મક સંશોધનના પ્રયોગનું કારણ શું આવ્યું તે પરિણામ ટકાવારી સાથે દર્શાવવામાં આવે છે. અનુકાર્યમાં હવે પછી શું કરીએ તો આ કાર્ય સફળ બને તે દર્શાવવામાં આવે છે.

**ક્રિયાત્મક સંશોધન માટેના સુચનો:**

→ તમે જ્યારે પ્રાયોગિક કાર્ય માટે શાળાઓમાં જાઓ ત્યારે આચાર્ય અને શિક્ષકોનો સંપર્ક કરી તેમને પોતાના કાર્યમાં નડતી મુશ્કેલીઓ વિશે ચર્ચા કર્યો.

→ ક્રિયાત્મક સંશોધન માટેની સમસ્યા સાથે સંબંધિત વ્યક્તિની મંજૂરી મેળવી અને સંશોધન યોજના તૈયાર કરો.

→ તમે પસંદ કરેલી સમસ્યાની સંશોધન યોજના તમારા પ્રૉફેસર ઇન્ચાર્જ પાસે રજૂ કરી તેમની સૂચના અનુસાર જરૂરી સુધારા વધારા કરો.

→ પ્રાયોગિક કાર્ય તમે અથવા તમારા ગ્રુપ દ્વારા વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક રીતે થાય તેની કાળજી રાખો. પ્રયોગકાર્ય પૂરું થયા બાદ ઉત્કલ્પનાઓની ચકાસણી કરી સંશોધનના નિષ્કર્ષ પર પહોંચો.

→ તમારા સંશોધનના પરિણામોની ચકાસણી કરો.

→ સંશોધન કાર્ય પૂર્ણ થયા બાદ તેનો અહેવાલ સોપાનો અનુસાર પદ્ધતિસર તૈયાર કારો.

→ તમારો અહેવાલ શાળાના આચાર્ય કે નિરીક્ષકને બતાવી તેમના પર તેના હસ્તાક્ષર મેળવી લો.
→ અંતિમ અહેવાલ તમારા અધ્યાપકશ્રીને નિર્ધારિત સમય મર્યાદામાં સુપરત કરો.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education